

# કાયદાઓનાં ઉપયોગથી જળ પ્રદૂષણ સામે લડાઇ

**જાહેરાત :** આ સાહીત્ય પર કોઇ પણ પ્રકારનો  મુદ્રણાધીકાર નથી.  આ સાહિત્યનું ભાષાંતર કરવા , વિતરણ કરવા કે વહેંચણી કરવા માટેની પરવાનગી છે.આપનાં દ્વારા પુનઃ મુદ્રણ, ભાષાંતર કે અહેવાલમાં નમતીને મુખ્ય સ્ત્રોત તરીકે દર્શાવવુ અને તેની નકલ સી.પી.આર.-નમતી એન્વાયર્નમેન્ટલ જસ્ટીસ પ્રોગ્રામને મોકલી આપવા અમારી વિનંતી છે.

**સંશોધન :** સી.પી.આર.-નમતી એન્વાયર્નમેન્ટલ જસ્ટીસ પ્રોગ્રામ
**અનુવાદ :** વિમલ કાલાવડીયા
**મુખપૃષ્ઠ ફોટોગ્રાફ :** વાપી, ગુજરાત, ઓબરે વેડ
**ડીઝાઇન અને રચના :** રેય ઝકારીયા
**મુદ્રક :** પ્રીન્ટ ફોર્સ

**આ સંશોધન કાયર્ને દુલીપ મથાઇ નેચર કન્ઝર્વેશન ટ્રસ્ટ દ્વારા સહાયતા પ્રાપ્ત થયેલ**



# 01

# વિભાગ-૧ જળ પ્રદૂષણ એટલે શું ?

# 01 વિભાગ-૧
# જળ પ્રદૂષણ એટલે શું ?

જયારે પાણીમાં દૂષણોનું મીશ્રણ થાય કે જળનાં મુળભુત બંધારણમાં બદલાવ થાય કે કોઇ પણ નીકાલ કે ઔધોગીક પ્રદૂષક કે અન્ય પ્રવાહી , ગેસ, કે ઘન કચરાનું પાણીમાં ફેકવું , કે જેનાથી ઉપદ્રવ થાય અથવા તો પાણીને નૂકશાનકારક કે જોખમી બનાવે.



- લોકોનાં આરોગ્ય અને સુરક્ષા માટે
- ઘરેલુ, વ્યાવસાયીક, ખેતી અને અન્ય કાયદેસરનાં ઉપયોગ માટે
- પ્રાણીઓ, વનસ્પતી તેમજ અન્ય જળચર પ્રાણીઓનાં જીવન અને આરોગ્ય માટે , તેને જળ પ્રદૂષણ કહેવામાં આવે છે.

## હંમેશા જળ પ્રદૂષણ તરીકે શું નોંધવામાં આવે છે?

જળ પ્રદૂષણ એ ઓધોગીક ,ઘરેલુ કે કૃષીજન્ય પણ હોય શકે છે. આ દસ્તાવેજ મુખ્યત્વે ઔધોગીક જળ પ્રદૂષણ અંગે છે.

**ઔધોગીક**
- રસાયણ:આર્સન,લેડ,પારો,નાઇટ્રેટસ અને સલ્ફર
- ઓઇલ અને પેટ્રોકેમીકલ્સ

**ઘરેલુ**
- ગંદા પાણીનો નીકાલ
- કચરો

**કૃષીજન્ય**
- રાસાયણીક ખાતરો
- કીટ નાશકો અને જંતુ નાશકો

## જળ પ્રદૂષણનાં સ્ત્રોત શું છે?

**ઓળખી શકાય તેવો એક સ્ત્રોત**
કેન્દ્રીત સ્ત્રોત પ્રદૂષણ

**સ્ત્રોતોનાં પ્રસરવાથી પરિણમતુ પ્રદૂષણ**
વિકેન્દ્રીત સ્ત્રોત પ્રદૂષણ



# 02 કાયદો અને સંસ્થાઓની ઉપસ્થિતી

02

# કાયદો અને સંસ્થાઓની ઉપસ્થિતી

## જળ પ્રદૂષણ દેખરેખ માટે જવાબદાર સંસ્થાઓ

| | | |
|---|---|---|
| **કાયદો** | • વોટર એક્ટ ૧૯૪૭ | • પર્યાવરણ સંરક્ષણ ધારો ૧૯૮૬ |
| **કેન્દ્રીય** | • કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ | • પર્યાવરણ , જંગલ અને જલવાયુ પરિવર્તન મંત્રાલય , નવી દીલ્હી |
| **રાજ્ય** | • ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગર | • પર્યાવરણ , જંગલ અને જલવાયુ પરિવર્તન મંત્રાલય , પ્રાદેષીક કચેરી |
| **પ્રાદેષીક** | • પ્રાદેષીક પી.સી.બી. | |

## જરૂરી પરવાનગીનાં પ્રકારો

### અ. કન્સેન્ટ ટુ એસ્ટાબ્લીશ ( સી.ટી.ઇ. ) :

જો કોઇ ઉદ્યોગ , કામગીરી કે પ્રક્રીયાથી ગંદુ પાણી, કે પ્રવાહી કોઇ જળ સ્ત્રોતમાં ઠાલવવુ હોય તો નિકાસ કે આઉટલેટ બનાવતા પહેલા વોટર એક્ટ , ૧૯૭૪ અંતર્ગત સ્ટેટ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ પાસેથી પરવાનગી મેળવવી જરૂરી છે.

### બ. કન્સેન્ટ ટુ ઓપરેટ ( સી.ટી.ઓ. ):

એસ.પી.સી.બી. પાસેથી મુખ્ય ઉત્પાદન કાર્ય ચાલુ કર્યા પહેલાની પ્રાથમીક પરવાનગી . સી.ટી.ઓ. ઔદ્યોગીક એકમનાં આધાર પર ચોક્કસ સમય મર્યાદા માટે આપવામાં આવે છે. કોઇ પણ ઉદ્યોગ , કામગીરી,કે પ્રક્રીયા કે જે ગંદુ પ્રવાહી કે પ્રવાહી કચરો જળ સ્ત્રોતમાં ઠાલવવા ઇચ્છતા હોય.

### ચ. એન્વાયર્નમેન્ટ ક્લીયરન્સ (ઇ.સી. ) :

ચોક્કસ પરિયોજનાઓ કે કામગીરી ( એન્વાયર્નમેન્ટ ઇમ્પેક્ટ એસેસમેન્ટ નોટીફીકેશન ૨૦૦૬ માં નોંધવામાં આવેલ છે તે મુજબ) માટે પ્રાયઃ એન્વાયર્નમેન્ટ ક્લીયરન્સ મેળવવુ ફરજીયાત છે. મુખ્યત્વે ઇ.સી.માં શરતો આપવામાં આવે છે અને જેનું પાલન થવુ જરૂરી છે. તેમાં પાણીની જરૂરીયાત , ડીસ્ચાર્જ પોઇન્ટ , ભુગર્ભજળ દેખરેખ વગેરેને લગતી શરતો હોય શકે છે.

# કાયદાકીય જોગવાઈઓ

## વોટર એક્ટ અંતર્ગત

વોટર એક્ટ મુજબ કોઇ પણ વ્યકિત ને જાણીતા કારણ માટે ઝેરી, હાનીકારક કે પ્રદૂષણકારક પદાર્થો જે રાજય બોર્ડ દ્વારા વિવિધ ધોરણોને આધારે નક્કી કરવામાં આવેલા છે તેની પરવાનગી નથી .

- કોઇ પણ વહેણ , કુવો, કે નીકાલમાં કે જમીન પર પ્રસરાવવા માટેની.
- પાણીનાં પ્રવાહને અવરોધવુ જેથી તેનાં પરિણામ સ્વરૂપે કે અન્ય કારણોથી પ્રદૂષણનાં પ્રમાણમાં વધારો થાય.

## આપાતકાલીન પગલાઓ

કોઇ અકસ્માત કે અનઇચ્છનીય કાર્ય કે બનાવ બાબતે જયારે સ્ટેટ બોર્ડ દ્વારા તાત્કાલીક પગલાઓ લેવાનું. માનવામાં આવે ત્યારે વોટર એકટનાં સેકશન -૩૨ મુજબ પગલા ભરવાની છૂટ છે. ( ઉકેલ વિભાગ -૨ માં દર્શાવવામાં આવેલ છે)

## ભારતીય દંડ સંહીતા , ૧૮૬૦ અંતર્ગત


સેકશન ૨૬૮ એ વ્યાખ્યાયીત કરે છે કે , જળ પ્રદૂષણનાં કારણે થનાર જાહેર ઉપદ્રવ પણ જાહેર ઉપદ્રવનું જ ઉદાહરણ હોય શકે છે. જાહેર ઉપદ્રવ એટલે કે જયારે કોઇ પણ કાર્ય કે ક્ષતીનાં કારણે નજીકમાં વસવાટ કરતા કે સંપતી ધરાવતા કે પ્રસંગોપાત ઉપયોગીતા કરવાનો જાહેર હક ધરાવતા લોકોને સામાન્ય ઇજા થાય ,જોખમ વધે અથવા તો ત્રાસદાયક થાય. આ સેકશન એ સેકશન ૧૯ સાથે ઉપયોગમાં લઇ શકાય જે ન્યાય તેમજ જીલ્લા કલેક્ટરને ફરીયાદ કરવા અંગે સૂચવે છે.

## ફેક્ટરી એક્ટ,૧૯૪૮ અંતર્ગત

ફેક્ટરી એટલે એવી જગ્યા કે જયાં ઉત્પાદન કાર્ય થઇ રહ્યુ હોય , જેમાં ૧૦ કામદારો ઉર્જા સાથે કામ કરતા હોય અથવા તો ૨૦ કામદારો ઉર્જા વિના કામ કરતા હોય.

કામગીરી ચાલુ કરતા પહેલા ફેક્ટરીનાં માલીકે ચીફ ઇન્સ્પેક્ટરને નામ , સરનામું , ઉત્પાદન પ્રક્રીયા કામદારોની સંખ્યા દર્શાવતી એક સૂચના રજુ કરવી ફરજીયાત છે. ચીફ ઇન્સ્પેક્ટર તપાસ કરશે અને ત્યારબાદ લાઇસન્સની મંજૂરી આપશે.

જોખમકારક પ્રક્રીયાઓ માટે , લાઇસન્સની મંજૂરી આપવા માટે સાઇટ અપ્રાઇઝલ કમીટી ( એસ.એ.સી.) ની સ્થાપનાં કરવામાં આવી છે.એસ.એ.સી.માં અન્ય સભ્યો સાથે એસ.પી.સી.બી. અને સી.પી.સી.બી.નાં પણ સભ્યો છે.સી.આઇ. અને તેમનાં દ્વારા નિમણૂંક કરવામાં આવેલા માણસો કોઇ પણ સમયે પ્રવેશવાનો તેમજ નમૂનાઓ એકત્ર કરવાનો અધીકાર ધરાવે છે.



# 03

# ફરિયાદ દાખલ કરવી

# 03 ફરિયાદ દાખલ કરવી


આગળનો વિભાગ વિવિધ કાયદાઓને વર્ણવે છે જેનો ઉપયોગ જળ પ્રદૂષણ સામે લડાઇમાં કરી શકાય સામાન્ય રીતે જાણીએ છીએ કે માત્ર કાયદાઓ પર્યાપ્ત નથી .જ્યાં સુધી કાયદાનો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં ના આવે, અસરકારક ઉપાયો મેળવવા મૂશ્કેલ બનશે. આ વિભાગ કાયદાનો ઉપયોગ કરવાનાં રસ્તાની સૂચી દર્શાવે છે.



## ૧.દસ્તાવેજ એકત્રીકરણ :

### અ: દસ્તાવેજ

| દસ્તાવેજનો પ્રકાર | ઉપલબ્ધી સ્થાન | ઉપયોગીતા |
|---|---|---|
| કન્સેન્ટ ટુ ઓપરેટ<br><br>કન્સેન્ટ ટુ એસ્ટાબ્લીશ | રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ | ● નિકાસનાં સ્થળની ઓળખ કરવા<br>● પરવાનગીનો સમયગાળો<br>● છોડવામાં આવતા કચરાનો પ્રકાર અને રચના જાણવા |
| એન્વાયર્નમેન્ટ કલીયરન્સ<br>( ઉદ્યોગનાં પ્રકાર<br>અને કદનાં આધારે ) | કેટેગરી એ: એમ.ઓ.ઇ.એફ.સી.સી. , ન્યુ દિલ્હી<br><br>કેટેગરી બી : સ્ટેટ લેવલ એન્વાયર્નમેન્ટલ ઇમ્પેક્ટ એસેસમેન્ટ ઓથોરીટી ( એસ.ઇ.આઇ.એ.એ. )<br><br>કેટેગરી બી-૨ (લઘુ ખનીજો ):ડીસ્ટ્રીક્ટ લેવલ એન્વાયર્નમેન્ટલ ઇમ્પેક્ટ એસેસમેન્ટ ઓથોરીટી ( ડી.ઇ.આઇ.એ.એ. )<br><br>તેમજ એસ.પી.સી.બી. પાસે પણ ઉપલબ્ધ હોય છે. | ● જો પરિયોજના કે કામગીરીનાં કારણે જળ પ્રદૂષણની શક્યતા હોય તો પાણીનાં નીકાલ અંગે લાગુ પડતી શરતો હશે.<br>● વાંચવુ અને જોવુ કે પાલન કરવામાં આવી રહેલી શરતોની ઉપયોગીતા શું છે? |
| ઇ.સી.નો મોનીટરીંગ અને અનુપાલન અહેવાલ | એમ.ઓ.ઇ.એફ.સી.સી. પ્રાદેશીક કચેરીઓ | ● અગાઉ પાણી નિકાલને લાગુ પડતી શરતોનું પાલન થયુ છે કે તે શોધવા માટે મદદરૂપ થશે. |
| અગાઉ જારી કરેલી કારણ દર્શક નોટીસ,બંધ માટેની નોટીસ , દીશા સૂચન નોટીસ | રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ | |



### બ. ફોટોગ્રાફ અને વીડીયો ક્લીપ્સ

ફોટોગ્રાફીક પુરાવાઓ એ વાસ્તવીક સ્થળ પરની પરીસ્થિતી દર્શાવવા માટે હંમેશા ઉપયોગી રહેશે. જ્યારે ફોટોગ્રાફ કે વીડીયો લેવામા આવે ત્યારની તારીખ અને સમય રેકોર્ડ કરવો મહત્વનું છે.



### ક. સમાચાર પત્ર અહેવાલ:

જો બાબતને સમાચાર પત્ર દ્વારા પણ નોંધવામાં આવી હોય તો ફરિયાદને સમર્થન આપનાર વધારાનો પુરાવો બની શકે . તેમ છતા પણ અહેવાલની અધિકૃતતાની ખાત્રી કરી લેવી જોઇએ અને પુરાવા તરીકે ઉપયોગ કરતા પહેલા પ્રમાણીત પણ કરાવી લેવો જોઇએ.

## ૨. ફરિયાદ બનાવવી



### ફરિયાદ ક્યારે થઇ શકે ?

નીચે મુજબની બાબતોમાં ફરિયાદ થઇ શકે:

- જ્યારે પરવાનગી લેવામાં આવેલી ના હોય
- જ્યારે નિર્દીષ્ટ કરેલી શરતોનું ઉલ્લંઘન કરવામાં આવતુ હોય
- ઉપરનાં વિભાગમાં દર્શાવેલા કાયદાઓની જોગવાઇઓનું ઉલ્લંઘન થવાની બાબતમા



### ફરિયાદમાં શું સમાવવુ જોઇએ?

- ઉલ્લંઘનનો પ્રકાર
- આજુ-બાજુમાં વસતા લોકો પર ઉલ્લંઘનથી થનારી અસર
- સહાયક પુરાવાઓ
- ઉપાયોની માંગ જણાવવી

### ફરિયાદ કોને કરવી જોઇએ?

| | |
|---|---|
| સી.ટી.ઓ , સી.ટી.ઇ. અને વોટર એક્ટનાં ઉલ્લંઘનો | એસ.પી.સી.બી.ની પ્રાદેશીક કચેરી |
| | એસ.પી.સી.બી.ની મુખ્ય કચેરી |
| ઇ.સી.ની શરતોનાં ઉલ્લંઘન | એમ.ઓ.એફ.સી.સી. પ્રાદેશીક કચેરી |
| | એસ.ઇ.આઇ.એ.એ. |
| | ડી.ઇ.આઇ.એ.એ. |
| જાહેર ઉપદ્રવ | જીલ્લા કલેક્ટર / મેજીસ્ટ્રેટ |

# વહીવટી ઉકેલ માટે કાયદાકીય વિકલ્પ શું છે?

| પરિસ્થિતી | ઉપલબ્ધ ઉપાયો |
|---|---|
| કોઇ પણ પરવાનગી વિનાની કામગીરી | એસ.પી.સી.બી. દ્વારા કામગીરીને લાગુ પડતી ચોક્કસ શરતો સાથેની નોટીસ આપવામાં આવી શકે |
| પરવાનગીમાં નિર્દીષ્ટ શરતોનું અપાલન | ● એસ.પી.સી.બી. દ્વારા કારણદર્શક નોટીસ જારી થઇ શકે.<br>● એસ.પી.સી.બી. દ્વારા કામ બંધ કરવા માટેનો ઓર્ડર થઇ શકે. |
| કારણદર્શકનો પ્રત્યુતર ના આપવો/ કારણદર્શકમાં કરવામાં આવેલ વાયદા ના પાળવા | ● પ્રદૂષણકારક પ્રવૃતિઓનું બંધકરવુ, પ્રતિબંધ કે નિયંત્રણ કરવુ<br>● પાણી પુરવઠો, વિજળી કે અન્ય સેવાઓ ઠપ્પ કરવી |
| વોટર એક્ટ અંતર્ગત જારી કરવામાં આવેલ દીશા નિર્દેશોનાં પાલન કરવામાં અસફળતા | જેલ અને /અથવા દંડને સજા પાત્ર |
| ઇ.સી.માં નિર્દીષ્ટ શરતોનું પાલન ના થવુ | ● ઇ.પી.એ. ૧૯૮૬ મુજબ કેદ અને / અથવા દંડ, તેનો મતલબ પાંચ વર્ષ સુધીની કેદ અથવા ૧ લાખ રૂપીયાનો દંડ અથવા બન્ને.<br>● ઉલ્લંઘનો માટે ઇ.સી. રદ્દ કરવુ. |
| જાહેર ઉપદ્રવ | જીલ્લા કલેક્ટર દ્વારા હુકમ જારી કરવામાં આવશે. |
| ઇમર્જન્સી ( જયારે સ્ટેટ બોર્ડનાં ધ્યાનમાં આવે કે કોઇ ઝેરી,હાનીકારક , કે પ્રદૂષણકારી પદાર્થ કોઇ વહેણ અથવા કૂવો અથવા જમીન પર છોડવામાં આવેલ છે અથવા કોઇ અકસ્માત કે અણધારી ઘટનાનાં કારણે વહેણ, કે કૂવામાં પ્રસરેલુ છે અને જો સ્ટેટ બોર્ડ તાત્કાલીક પગલા ભરવાનું મંતવ્ય ધરાવતુ હોય ) | ● પદાર્થને વહેણ, કૂવો કે જમીન પરથી દૂર કરી તેનો નાશ થઇ શકે.<br>● આવા પદાર્થોની હાજરીથી થતા પ્રદૂષણનો ઉકેલ શોધી શકાય છે અથવા તો ઘટાડી શકાય છે<br>● આવા પદાર્થોનાં નિકાલ સાથે સંકળાયેલ વ્યકિતને નિયંત્રીત કે પ્રતિબંધીત કરવા માટેનો હુકમ જારી કરી શકાય છે. |

# સેન્ટર ફોર પોલીસી રીસર્ચ વિશે

સેન્ટર ફોર પોલીસી રીસર્ચ (સી.પી.આર.) એ સને ૧૯૭૩ થી ભારતનું જાહેર નિતીઓ બાબતે સલાહ અને વિચારો આપનાર નિષ્ણાંતોનું અગ્રણી જુથ રહ્યુ છે.સેન્ટર એક બિન નફાકારક , ભારતમાં જીવનને ઢાળવા માટે માળખાઓ અને પ્રક્રીયાઓ અંગેનાં મજબુત વાર્તાલાપમાં યોગદાન આપતા સંશોધન કાર્યો હાથ ધરવાને સમર્પીત સ્વતંત્ર સંસ્થાન છે.

**www.cprindia.org**

# નમતી વિશે

જયારે સમગ્ર વિશ્વમાં અબજો લોકો કાયદાનાં રક્ષણથી બહાર જીવન જીવે છે, નમતી લોકો સુધી કાયદાને પહોંચાડવા માટે સમર્પીત છે. એ આગવા ન્યાય માટે સમુદાયો સાથે કામ કરતા જમીની સ્તર પરનાં કાયદાકીય વકીલોનાં એક વૈશ્વીક આંદોલનનું નિર્માણ કરે છે. લોકો પોતાની જમીનનાં રક્ષણ માટે લડી શકે , આવશ્યક સેવાઓ પ્રાપ્ત કરી શકે તેમનાં જીવન પર અસર કરતા નિર્ણયોમાં ભાગી દારી નોંધવી શકે તે સુદ્રઢ કરવા માટે આ વકીલો આગળ રહીને લડાઇ લડે છે.

**www.namati.org**

CENTRE FOR POLICY RESEARCH

NAMATI
INNOVATIONS IN LEGAL EMPOWERMENT